| | | |
|---|---|---|
| GJBN150005632023 | આંક: | |
| | કેસ દાખલ તા. | ૦૯/૦૮/૨૦૨૩ |
| | કેસ રજી.તા. | ૦૯/૦૮/૨૦૨૩ |
| | કેસ ફેસલ તા. | ૧૩/૦૩/૨૦૨૬ |
| | સમયગાળો : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૨–૦૭–૦૪ |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO. (S)1/2017 તથા ક્રીમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટીફીકેશન નંબર C-2001-93 તારીખ : 20-05-2022 ના ઠરાવેલ પર્ફોમા મુજબ**

**મહુવાના બીજા એડીશ્નલ સેશન્સ જજ, મહુવા, જી.ભાવનગર**

**(ચુકાદાની તારીખ :–૧૩/૦૩/૨૦૨૬)**

**સેશન્સ કેસ નં.– ૧૨/૨૦૨૩**

**-: FORM-A :-**

| **એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | મહુવા પોલીસ સ્ટેશન |
| **ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ |
| **તહોમતનામા મુજબ તહોમત** | ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ |
| **ફરીયાદી** | શ્રી સરકાર<br>(મુળ ફરીયાદી :– વારીસભાઈ યાસીનભાઈ ચાવડા) |
| **વિ.એ.પી.પી.શ્રી** | કે.એસ.કેસરી |

| | |
|---|---|
| **આરોપી** | (૧) અફ્જલભાઈ મુસાભાઈ પઠાણ,<br>ઉ.વ.૨૮, ધંધો–ડ્રાઈવીંગ,<br>(૨) નવાજભાઈ ઉર્ફે ગટી મુસાભાઈ પઠાણ,<br>ઉ.વ.૨૩, ધંધો–મજુરી,<br>રહે.બંને : વિજપડી ગામ,<br>હસની ચોક, મહુવા રોડ,<br>તા.સાવરકુંડલા, જી.અમરેલી |
| **આરોપીઓ તરફે વિ.વ.શ્રી** | એસ.બી.કાદરી |

**-: FORM-B :-**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૨૮/૦૪/૨૦૨૩ |
| **ફરીયાદની તારીખ** | ૨૯/૦૪/૨૦૨૩ |
| **ચાર્જશીટની તારીખ** | ૧૮/૦૭/૨૦૨૩ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | ૦૬/૧૨/૨૦૨૩ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૦૩/૦૧/૨૦૨૪ |
| **ચુકાદો સંક્ષીપ્તમાં રાખ્યાની તારીખ** | ૧૩/૦૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૧૩/૦૩/૨૦૨૬ |
| **સજા હુકમની તારીખ જો કોઈ હોય તો** | ૧૩/૦૩/૨૦૨૬ |

**<u>આરોપીઓની વિગત :–</u>**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રી. પ્રો. કોડની કલમ – ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અફ્જલભાઈ મુસાભાઈ પઠાણ | ૩૦/૦૪/ ૨૦૨૩ | ૧૮/૧૦/ ૨૦૨૩ | ભારતીય દંડ સંહિતાની કલમ – | કસુરવાર | આખરી હુકમ મુજબ | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | નવાજભાઈ ઉર્ફે ગટી મુસાભાઈ પઠાણ | ૩૦/૦૪/ ૨૦૨૩ | – | ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ | | | |

**-: FORM-C :-**

**<u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>**

## (A) ફરીયાદપક્ષ તરફે :–

**–: મૌખિક પુરાવાઓ :–**

| સાહેદ નંબર | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | શબ્બીરભાઈ સલીમભાઈ કુરેશી | પંચ સાહેદ | ૧૩ |
| ૨ | ફતેહખાન જમીતનખાન જલવાણી | પંચ સાહેદ | ૧૫ |
| ૩ | ઈબ્રાહીમભાઈ દિલાવરભાઈ કુરેશી | પંચ સાહેદ | ૧૬ |
| ૪ | બાલકૃષ્ણ નાનુભાઈ દેવમુરારી | પંચ સાહેદ | ૨૪ |
| ૫ | આરીફભાઈ જમીયતખાન જલવાણી | પંચ સાહેદ | ૩૦ |
| ૬ | ઈસુબભાઈ ઈબ્રાહીમભાઈ કાબરીયા | પંચ સાહેદ | ૩૧ |
| ૭ | જુબેરભાઈ હમદભાઈ ગનેજા | પંચ સાહેદ | ૩૭ |
| ૮ | જાવીદભાઈ મહમદભાઈ સૈયદ | પંચ સાહેદ | ૩૮ |
| ૯ | ડો.અજય દેવાભાઈ વાણીયા | મેડીકલ ઓફીસર | ૪૧ |
| ૧૦ | સારીકાબેન વિનોદભાઈ જોષી | સાહેદ | ૪૭ |
| ૧૧ | અશ્વિનકુમાર હરીભાઈ ઈટાલીયા | એફ.એસ.એલ. અધિકારી | ૫૦ |
| ૧૨ | વારીસભાઈ યાસીનભાઈ ચાવડા | ફરીયાદી | ૫૪ |
| ૧૩ | રફીકભાઈ ઈસ્માઈલભાઈ સમા | સાહેદ | ૬૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | કિશનભાઈ મનીષભાઈ ગોહિલ | સાહેદ | ૬૪ |
| ૧૫ | સમીનાબેન મુનાફ ચાવડા | સાહેદ | ૬૫ |
| ૧૬ | રસુલભાઈ સાલેભાઈ સોરઠીયા | સાહેદ | ૬૬ |
| ૧૭ | મેહુલભાઈ વજીરભાઈ હરકણીયા | સાહેદ | ૬૭ |
| ૧૮ | અરજણભાઈ ભીમાભાઈ ગોહીલ | ત.ક.અ. | ૬૯ |
| ૧૯ | મુકેશકુમાર અમૃતભાઈ દેસાઈ | ત.ક.અ. | ૮૫ |

**(B) <u>બચાવપક્ષના સાહેદો :–</u>**

| સાહેદ નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

**(C) કોર્ટના સાહેદ જો કોઇ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**<u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ</u>**

**(A) ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અનુક્રમ નંબર | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૧૪ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૭ |
| ૩ | પંચ સ્લીપ | ૧૮ થી ૨૨ |
| ૪ | આરોપીનું અટક પંચનામુ | ૨૫ |
| ૫ | પંચ સ્લીપ | ૨૬ થી ૨૯ |
| ૬ | ડીસ્કવરી પંચનામુ | ૩૨ |
| ૭ | પંચ સ્લીપ | ૩૩, ૩૪ |

| | | |
|---|---|---|
| ૮ | મરણજનાર તથા આરોપીઓના સેમ્પલો કબજે કર્યાનું પંચનામુ | ૩૯ |
| ૯ | પી.એમ.નોટ | ૪૨ |
| ૧૦ | જનરલ હોસ્પિટલ મહુવાની પોલીસને જાણ કરતી યાદિ | ૪૩ |
| ૧૧ | મેડીકોલીગલ કેસ અંગેની યાદી | ૪૪ |
| ૧૨ | મરણજનારના લીધેલ સેમ્પલ સાથે મોકલેલ સીલના નમુનાની યાદી | ૪૫ |
| ૧૩ | બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા અંગેનો પત્ર તથા બનાવવાળી જગ્યાનો નકશો તથા પંચ રોજકામ | ૪૮ |
| ૧૪ | સ્થળ પરીક્ષન અહેવાલ | ૫૧ |
| ૧૫ | એફ.આઈ.આર. | ૫૫ |
| ૧૬ | રફીકભાઈ ઈસ્માઈલભાઈ સમાનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન | ૬૩ |
| ૧૭ | ઈન્કવેસ્ટ પંચનામુ ભરવા બાબતેની પોલીસ યાદી | ૬૮ |
| ૧૮ | તપાસ સંભાળ્યા અંગેની યાદી | ૭૦ |
| ૧૯ | મરણોતર ફોર્મની કોપી | ૭૧ |
| ૨૦ | મરણજનારની લાશનું પેનલ પી.એમ. કરવા કરેલ યાદી | ૭૨ |
| ૨૧ | જાહેરનામાની નકલ | ૭૩ |
| ૨૨ | ભારે ગુનાનો ફેક્સ મેસેજ | ૭૪ |
| ૨૩ | ફરીયાદીની સારવાર અંગેનું સર્ટીફીકેટ આપવા કરેલ યાદી | ૭૫ |
| ૨૪ | પો.ઈ.સાવરકુંડલાને આરોપીઓની તપાસમાં સાથે રહેવા કરેલ યાદી | ૭૬ |
| ૨૫ | કોલ ડીટેઈલની સી.ડી.આર. મેળવવા કરેલ યાદી | ૭૭ |
| ૨૬ | આરોપીઓના બ્લડ સેમ્પલ લેવા કરેલ યાદી | ૭૮ |
| ૨૭ | સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન લેવા તારીખ અને સમય ફાળવવા કરેલ યાદી | ૭૯ |
| ૨૮ | ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા કરેલ યાદી | ૮૦ |
| ૨૯ | રવાનગી નોંધ | ૮૧ |
| ૩૦ | એફ.એસ.એલ. પહોંચ | ૮૨ |
| ૩૧ | સ્ટે.ડાયરીના ઉતારાની નકલ | ૮૩ |
| ૩૨ | પી.એમ.નોટની નકલ આપવા કરેલ યાદી | ૮૬ |

| | | |
|---|---|---|
| ૩૩ | સી.આર.પી.સી. કલમ–૧૬૪ ના નિવેદનની નકલ આપવા કરેલ યાદી | ૮૭ |
| ૩૪ | ખેતીવાડી ઉત્પન્ન બજાર મહુવાના સિક્યુરીટી ગાર્ડ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ | ૮૮ |
| ૩૫ | એગ્રીમેન્ટની ખરી નકલ | ૮૯ |
| ૩૬ | એફ.એસ.એલ. ફોરવર્ડીંગ લેટર | ૯૦ |
| ૩૭ | બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ | ૯૧ |
| ૩૮ | ભૌતિકશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ | ૯૨ |
| ૩૯ | કલોઝીંગ પુરસીસ | ૯૩ |

**(B) <u>બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ</u>–**

| અનુક્રમ નંબર | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**(C) <u>કોર્ટના સાહેદ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ</u>–**

| અનુક્રમ નંબર | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## <u>ચુકાદો</u>

૧. આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી વારીસભાઈ યાસીનભાઈ ચાવડા (સીપાઈ) તથા તેમના ભાઈ મરણ જનાર મુનાફભાઈ ઉર્ફે પિન્ટુ યાસીનભાઈ ચાવડાનાઓને તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ બપોરના અઢી વાગ્યાની આસપાસ આરોપી નં.–૧ સાથે વિજપડી ગામે પોતાની શેરીના ચોકમાં આઈસર ટ્રક મુકવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલ હોય જેની દાજ રાખી તા.૨૮/૦૪/૨૦૨૩ ના રાત્રીના પોણા અગીયારેક વાગ્યાની આસપાસ મહુવા માર્કેટીંગ યાર્ડની પાછળના ભાગે આવેલ મહુવા

માર્કેટીંગ યાર્ડ દવારા ઈમામ ફાઉન્ડેશન ટ્રસ્ટ–૧૫૯ નજફી હાઉસ મુંબઈ વાળાની ટ્રસ્ટીની બીનખેતીની સોળ વિઘા જમીન ડુંગળીની હરાજી કરવા ભાડે રાખી હરાજી કરાવે છે તે જગ્યાએ આરોપી નં.–૧ તથા આરોપી નં.–૨ નાઓએ ફરીયાદીના ભાઈ મુનાફભાઈને ગાળો આપી ઝઘડો કરી, આરોપી નં.–૧ નાઓએ ફરીયાદીના ભાઈ મુનાફભાઈના બંને હાથ પકડી રાખી, આરોપી નં.–૨ નાઓએ ફરીયાદીના ભાઈ મરણ જનારના જમણા પડખાના વાસાના ભાગે છરીનો એક ઘા મારી મરણજનારને ગંભીર ઈજા કરી, મોત નિપજાવી, સમાન ઈરાદો પાર પાડી, જીલ્લા મેજી. સાહેબ, ભાવનગરનાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ઈ. પી. કો. કલમ – ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

આ કામે ફરીયાદીએ મહુવા પો.સ્ટે. ખાતે પોતાની ફરીયાદ જાહેર કરતા જે અન્વયે મહુવા પો.સ્ટે. પાર્ટ–એ ગુ. ર. નં.– ૧૧૧૯૮૦૩૫૨૩૦૫૪૧/૨૦૨૩ થી ગુન્હો દાખલ કરી ત.ક.અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ – ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ એડી. ચીફ જ્યુડી. મેજી., મહુવા સમક્ષ દાખલ કરવામાં આવેલ.

૨. ત્યારબાદ આ કેસ ચલાવવાની સતા સેશન્સ કોર્ટને હોય આ કેસ અત્રે કમીટ થઈને આવતા તેને સેશન્સ કેસ નં.–૧૨/૨૦૨૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ. ત્યારબાદ આંક–૦૯ થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ – ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ. તે સંબંધે આંક–૧૦ અને ૧૧ થી

નિવેદન લેતા આરોપીઓએ ગુનો કબુલ નહી હોવાનું જણાવતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

૩. **આરોપીઓનું વધારાનું નિવેદનઃ–**

પ્રોસીક્યુશન પક્ષના તમામ પુરાવા બાદ સદર પુરાવાના સંદર્ભે સી.આર.પી.સી.ની કલમ – ૩૧૩ ની જોગવાઈ અનુસાર આરોપીઓનું વધારાનું નિવેદન રેકર્ડ કરતા આરોપીઓએ તમામ પુરાવાની સત્યતાનો ઈન્કાર કરી, વધુમાં ફરીયાદપક્ષના પાડોશમાં રહેતા હોય અને વાહન મુકવા તથા કચરો નાખવા બાબતે મનદુઃખ હોય, જેથી રાગદ્ધેષ રાખી હાલના બનાવમાં તેઓ ઉપર શંકા રાખી ખોટી રીતે સંડોવી દિધેલ હોય, તેઓ નિર્દોષ હોય તેવુ જણાવેલ છે. વધુમાં તેઓ સોગંધ પર જુબાની આપવા માંગતા ન હોવાનું અને બચાવના સાહેદ પણ તપાસવા માંગતા ન હોવાનું જાહેર કરતા તેમના તરફે કોઈ પુરાવો ન હોય, હાલના કામે બંન્ને પક્ષ તરફે દલીલો સાંભળી હાલનું કામ ચુકાદા માટે મુલત્વી રાખવામાં આવેલ.

૪. **દલીલોનો ટુંકસારઃ–**

૪.૧) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દ્ધારા આંક–૯૪ થી લેખીત દલીલ રજુ રાખેલ છે. આ દલીલ લેખીત સ્વરૂપમાં ઉપલબ્ધ હોય, પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે તેનો ઉલ્લેખ કરેલ નથી. પરંતુ પુરાવાના મુલ્યાંકન સંદર્ભે તેને ધ્યાને લીધેલ છે અને વધુમાં વિ.એ.પી.પી.શ્રી દ્ધારા જણાવેલ છે કે, ફરીયાદપક્ષે તેઓનો કેસ રજુ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ હોય, આરોપીઓને દોષિત ઠરાવવા અરજ કરેલ છે.

૪.૨) આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.બી.કાદરી દ્ધારા આંક–૯૭ થી લેખીત દલીલ રજુ રાખેલ છે. આ દલીલ લેખીત સ્વરૂપમાં ઉપલબ્ધ હોય, પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે તેનો ઉલ્લેખ કરેલ નથી. પરંતુ પુરાવાના મુલ્યાંકન સંદર્ભે તેને ધ્યાને લીધેલ છે અને આ

દલીલ ધ્યાને લઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૫. આરોપીઓ સામેના આરોપના સ્વરૂપને તથા તે સંદર્ભેની કાયદાની જોગવાઈને ધ્યાને લઈ હાલના કેસના ગુણ–દોષ પરના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>મુદ્દા</u>**

૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, મરણજનાર મુનાફભાઈ ઉર્ફે પિન્ટુ યાસીનભાઈ ચાવડાનું સાપરાધ મનુષ્યવધ થયેલ છે ?

૨) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી વારીસભાઈ યાસીનભાઈ ચાવડા (સીપાઈ) તથા તેમના ભાઈ મરણ જનાર મુનાફભાઈ ઉર્ફે પિન્ટુ યાસીનભાઈ ચાવડાનાઓને તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ બપોરના અઢી વાગ્યાની આસપાસ આરોપી નં.–૧ સાથે વિજપડી ગામે પોતાની શેરીના ચોકમાં આઈસર ટ્રક મુકવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલ હોય જેની દાજ રાખી તા.૨૮/૦૪/૨૦૨૩ ના રાત્રીના પોણા અગીયારેક વાગ્યાની આસપાસ મહુવા માર્કેટીંગ યાર્ડની પાછળના ભાગે આવેલ મહુવા માર્કેટીંગ યાર્ડ દવારા ઈમામ ફાઉન્ડેશન ટ્રસ્ટ–૧૫૯ નજફી હાઉસ મુંબઈ વાળાની ટ્રસ્ટીની બીનખેતીની સોળ વિઘા જમીન ડુંગળીની હરાજી કરવા ભાડે રાખી હરાજી કરાવે છે તે જગ્યાએ આરોપી નં.–૧ તથા આરોપી નં.–૨ નાઓએ ફરીયાદીના ભાઈ મુનાફભાઈને ગાળો આપી ઝઘડો કરી, આરોપી નં.–૧ નાઓએ ફરીયાદીના ભાઈ મુનાફભાઈના બંને હાથ પકડી રાખી, આરોપી નં.–૨ નાઓએ ફરીયાદીના ભાઈ મરણ જનારના જમણા પડખાના વાસાના ભાગે છરીનો એક ઘા મારી મરણજનારને ગંભીર ઈજા કરી, મોત નિપજાવી, સમાન

ઈરાદો પાર પાડી, જીલ્લા મેજી. સાહેબ, ભાવનગરનાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ઈ. પી. કો. કલમ – ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૩) શું હુકમ ?

૬. ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ:

૧) હકારમાં

૨) હકારમાં

૩) આખરી હુકમ મુજબ

**<u>કારણો</u>**

૭. **<u>મુદ્દા નં.–૧ ના નિર્ણય માટેના કારણોઃ–</u>**

૭.૧) સદર કામમાં સૌપ્રથમ મુનાફભાઈનું સાપરાધ મનુષ્ય વધ થયેલ છે કે કેમ તે અંગે તપાસ કરવાની રહે છે, તે સંદર્ભે સદર કામમાં ફરીયાદપક્ષ દ્ધારા આંક–૪૧ થી મરણજનારનું પી.એમ. કરનાર ડો. અજય દેવાભાઈ વાણીયાની સોગંધપરની જુબાની ધ્યાને લેતા તેઓ જણાવે છે કે, તેઓ તા.૨૮–૦૪–૨૦૨૩ ના રોજ તેઓની ફરજ પર હતા ત્યારે રાત્રીના ૧૦:૪૫ મુનાફભાઈ યાસીનભાઈ ચાવડાની ડેડબોડી તેના મિત્ર શબીરભાઈ સલીમભાઈ કુરેશી લઈને આવેલા હોવાની તથા બનાવની જાણ કરતાં મહુવા માર્કેટ યાર્ડમાં છરી વડે નવાઝ મુસાભાઈ પઠાણ અને અફઝલ મુસાભાઈ પઠાણ અને અન્ય ૪–૫ લોકો ધ્વારા હુમલો કરેલ તેવુ જણાવેલ હોવાની અને આ બોડીની તપાસ કરતાં મૃત હાલતમાં હોવાની અને પોલીસે પંચનામુ કરીને રાત્રીના ૨:૦૦ વાગ્યે ડેડબોડી પોસ્ટમોર્ટમ માટે તેઓને સોંપેલ હોવાની અને પોસ્ટમોર્ટમમાં તેઓ તથા સાથે ડો. નીલેશભાઈ કળસરીયા સાથે હોવાની અને પી.એમ.ની શરૂઆત તા.૨૯–૪–૨૩ ના રોજ સવારે ૭:૦૦ વાગ્યે શરૂ કરેલ અને ૮:૫૫ વાગ્યે પી.એમ.

પુર્ણ થયેલ હોવાની તથા શરીરના બાહય ભાગ ઉપર ૬ X ૨ સે.મી.નો કલીયર લેસરેટેડ વુંડ જમણી બાજુની પીઠ બાજુ હોવાની જે ૮ સે.મી. જેટલુ ઉંડો ઘા હોવાની અને લીવરમાં ૪ x ૨ X ૩ સે.મી. કલીયર લેસરેટેડ વુંડ હોવાની તથા જણાવેલ બધા ચીન્હો મરણ પહેલાના હોવાની તથા બધા હદયના ચેમ્બર કલોટેડ બ્લડ (જામી ગયેલ લોહી) થી ભરેલા હોવાની તથા મોટી રકતવાહીનીઓ સંકોળાય ગયેલી હોવાની તથા પેટની દીવાલ ઈન્ટેક અને કંન્જેસ્ટેડ હોવાની તથા પેટની પોલાણ કંન્જેસ્ટેડ અને ૪૦૦ એમ.એલ. બ્લડ ભરાયેલ હોવાની તથા લીવર ઉપર ૪ x ૨ X ૩ સે.મી. નો કલીયર લેસરેટેડ વુંડ પાછળના ભાગ ઉપર હોવાની તથા તેઓના મંતવ્ય પ્રમાણે દર્દીનું મૃત્યુનુ કારણ કાર્ડીયોરેસપીરિટરી શોક (શ્વાસોશ્વાસ રૂધાઈ જવાથી) ડયુ ટુ મેસીવ હેમરેજ ડયુ ટુ લીવર ઈન્જરી હોવાની તથા દર્દીને થયેલી ઈજા ધારદાર હથીયારથી થઈ શકે તેવી હોવાની હકીકત જણાવેલ છે.

૭.૨) આ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એમ.એલ.સી. માં હીસ્ટ્રી આપનાર વ્યક્તિની સહી લેવી પડતી હોવાની તથા હાલના કીસ્સામાં હીસ્ટ્રી આપનાર કોઈ વ્યક્તિની સહી લીધેલ ન હોવાની તથા દર્દીને ટાંકો લેવાની પ્રક્રીયા ૧૧:૧૫ ની આસપાસ કરેલ હોવાની તથા ઈન્કવેસ્ટ પંચનામા મુજબ દર્દીને જે જગ્યાએ ટાંકો લીધેલો તે સિવાય અન્ય કોઈ જગ્યાએ ઈજા જોવા મળેલ ન હોવાની તથા જે જગ્યાએ ટાંકો લીધેલો તે મનુષ્યનું વાઈટલ પાર્ટ ગણાય નહી તથા કોઝ ઓફ ડેથ પ્રમાણે વધુ પડતુ લોહી વહી જવાથી મૃત્યુ થયેલ હોવાની તથા મુ.માલ છરી બતાવામાં આવે છે તે જોઈને કહે કે આ છરીની એક બાજુ ધાર છે અને એક બાજુ બુઠ્ઠી હોવાની તથા પી.એમ. નોટમાં જે ઈજા દર્શાવેલ છે તેમાં કઈ બાજુથી ધારદાર અને કઈ બાજુથી બુઠી છે તે હકીકત દર્શાવેલી ન હોવાની તથા પી.એમ. કરતા પહેલા કે પી.એમ દરમ્યાન પોલીસે તેઓને કોઈ હથીયાર બતાવેલા ન હોવાની તથા દર્દીને થયેલ ઈજાઓ

આ જ છરીથી થઈ છે તે ચોકકસ કહી શકાય નહી તેવી હકીકત સ્વિકારેલ છે.

૭.૩) આમ, ઉપરોક્ત જુબાની તથા આંક–૪૨ થી રજુ થયેલ પી.એમ.નોટ ધ્યાને લેતા કાર્ડીયોરેસપીરિટરી શોક (શ્વાસોશ્વાસ રૂધાઈ જવાથી) ડયુ ટુ મેસીવ હેમરેજ ડયુ ટુ લીવર ઈન્જરીના કારણે મરણજનારનું મૃત્યુ થયેલ હોવાનું ફલીત થતુ હોય, ફરીયાદપક્ષ આ કામના મરણજનારનું સાપરાધ મનુષ્યવધ થયેલ હોવાનું શંકાથી પર સાબિત કરવામાં સફળ ગયેલ હોવાનું અત્રેની અદાલતનું માનવુ હોય, **મુદ્દા નં.–૧ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

૮.૧) **<u>મુદ્દા નં.–૨ ના નિર્ણય માટેના કારણોઃ–</u>**

આ કામે મુદ્દા નં.–૧ મુજબ ફરીયાદપક્ષે આ કામના મરણજનારનું સાપરાધ મનુષ્યવધ થયેલ હોવાનું શંકાથી પર સાબિત કરવામાં સફળ ગયેલ હોય, હવે મુદ્દા નં.–૨ પરત્વે આ કામના આરોપીઓએ મરણજનારનું મોત નિપજાવેલ છે કે કેમ તે હકીકત તપાસવાની રહે છે. આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરીએ તો તે નીચે મુજબ છે.

૮.૨) સદર કામમાં ફરીયાદપક્ષ દ્વારા આંક–૫૪ થી ગુન્હાની ખબર આપનાર સાહેદ વારીસભાઈ યાસીનભાઈ ચાવડાને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંધ ઉપરની જુબાનીમાં તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ તેમના ઘરના ડેલા પાસે આરોપી અફઝલભાઈ સાથે આયશર ગાડી મુકવા બાબતે માથાકુટ થયેલ હોવાની, તેમજ તે વખતે અફઝલે મારી નાખવાની ધમકી આપેલ હોવાનું, તેમજ તેઓએ સમજાવીને અફઝલને ઘરે મુકી આવેલ હોવાનું, તેમજ સાંજના તેમના ભાઈ મરણ જનાર મુનાફભાઈ તેમના મામા રફીક સાથે મહુવા માર્કેટ યાર્ડમાં ડુંગળીની ગાડી ખાલી કરવા આવેલ હોવાની, તેમજ તે વખતે ત્યાં આરોપીઓ પણ ડુંગળીની ગાડી ખાલી કરવા આવેલ હોવાનું અને તે વખતે આરોપીઓ સાથે

માથાકુટ થયેલ હોવાની અને તે વખતે આરોપી અફઝલે તેમના ભાઈ મુનાફનો હાથ પકડી રાખેલ અને નવાઝભાઈએ પડખામાંથી છરી કાઢી વાહાના ભાગે એક ઘા મારી દિધેલ હોવાની, તેમજ તેમને પણ અફઝલે પગમાં ધોકો મારી દિધેલ હોવાની, તેમજ કીશનભાઈની એક્ટીવા ગાડીમાં મહુવા સરકારી દવાખાને લઈ આવેલ હોવાની, તેમજ ડોક્ટર સાહેબે તેમના ભાઈને મરણ જાહેર કરેલ, તેમજ બનાવની ફરીયાદ આપેલ હોવાની હકીકત જણાવેલ છે. જ્યારે બચાવપક્ષ દ્બારા આ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે. તે સમગ્ર ઉલટતપાસ દરમ્યાન સાહેદની જુબાની ઉપર શંકા જાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેતા સાહેદની જુબાની નહી માનવા માટે કોઈ કારણ જણાય આવતુ નથી.

૮.૩) ફરીયાદપક્ષ તરફે આંક-૬૨ થી સાહેદ રફીકભાઈ ઈસ્માઈલભાઈ સમાને તપાસવામાં આવેલ છે. તેઓ પણ તેમની જુબાનીમાં તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ તેમનો ભાણેજ વારીસ તેમની ગૅરેજ ઉપર આવેલ હોવાની, તેમજ આરોપી અફઝલ સાથે ગાડી મુકવા બાબતે માથાકુટ થયેલ હોવાની વાત કરેલ હોવાની, તેમજ સાંજના તે તેમના ભાણેજ મુનાફ અને વારીસ સાથે મહુવા માર્કેટ યાર્ડમાં ડુંગળી ખાલી કરવા આવેલ હોવાની, તેમજ ત્યાં આગળ આરોપીઓ પણ ડુંગળી ખાલી કરવા આવેલ હોવાનું, તેમજ આરોપી અફઝલે મુનાફના હાથ પકડી લીધેલ હોવાની, તેમજ તે વખતે નવાજે પાછળથી આવીને તેના નેફામાંથી છરી કાઢીને મુનાફને મારી દીધેલ હોવાનું, તેમજ અફઝલે વારીસને ડાબા પગે લાકડી મારી દીધેલ હોવાની, તેમજ કીશોરની એક્ટીવા પર વચ્ચે બેસાડી મુનાફને સરકારી દવાખાને સારવાર માટે લાવેલ હોવાની, તેમજ ત્યાં મુનાફને મરણ જાહેર કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

૮.૪) ફરીયાદપક્ષ દ્વારા આંક-૬૪ થી સાહેદ કીશનભાઈ મનિષભાઈ ગોહીલને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં બનાવ વખતે તેઓ માર્કેટીંગ યાર્ડમાં ડુંગળી ખાલી કરતા હતા તે વખતે પાછળના ભાગે બબાલ થતી હોય તેઓ ત્યાં ગયેલ હોવાની, તેમજ ત્યાં તેમનો મિત્ર પિન્ટુભાઈ ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હોવાની, તેમજ ત્યાં આગળ તેના મામા રફીકભાઈ અને વારીસભાઈ હાજર હોવાની, તેમજ તેઓની એક્સેસ મોટર સાયકલમાં પિન્ટુભાઈને પાછળ બેસાડી તેની પાછળ રફીકભાઈ બેસી ગયેલ અને સરકારી દવાખાને લઈ આવેલ હોવાની, તેમજ પિન્ટુભાઈને ડોક્ટર સાહેબે મરણ જાહેર કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

૮.૫) સદર કામમાં ફરીયાદપક્ષ દ્વારા આંક-૬૫ થી સમીનાબેન મુનાફભાઈ ચાવડાને તપાસવામાં આવેલ છે. તેણીએ તેમની જુબાનીમાં બનાવના દિવસે બપોરના સમયે તેમના દિયર વારીસ ચાવડાને અફઝલ પઠાણ સાથે ટ્રક રાખવા બાબતે માથાકુટ થયેલ હોવાની, તેમજ બીજા દિવસે સવારના તેમને તેમના પતિની લાશ લાવેલ ત્યારે તેમના પતિ ગુજરી ગયેલ હોવાની ખબર પડેલ હોવાની હકીકત જણાવેલ છે.

૮.૬) ફરીયાદપક્ષ દ્વારા આંક-૬૬ થી સાહેદ રસુલભાઈ સાલેભાઈ સોરઠીયાને તપાસેલ છે. તેઓ તેમની સોગંધ ઉપરની જુબાનીમાં બનાવના દિવસે બપોરના વારીસભાઈના ઘરે જમવા ગયેલ તે વખતે અફજલ, વારીસભાઈ અને નવાજ શેરીમાં ઝઘડતા હતા તેથી તેમણે છુટા પાડેલ હોવાની, તેમજ રાત્રીના નવ વાગ્યાની આસપાસ વારીસભાઈનો ફોન આવેલ હોવાની, તેમજ તેઓ બાઈક ઉપર મહુવા આવવા નિકળેલ ત્યારે રસ્તામાં વારીસભાઈનો ફોન આવેલ અને બનાવની વાત કરેલ હોવાની, તેમજ તેઓ રાત્રીના સાડા અગીયાર વાગ્યાની આસપાસ મહુવા સરકારી દવાખાને પહોચેલ હોવાની,

તેમજ ત્યાં મુનાફભાઈ મરણ હાલતમાં પડેલ હોવાની હકીકત જણાવેલ છે.

૮.૭) ફરીયાદપક્ષ દ્વારા આંક–૪૭ થી સાહેદ સારીકાબેન વિનોદભાઈ જોષીને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં તેઓએ પંચોના બતાવ્યા અને લખાવ્યા મુજબ ઉમણીયાવદર માર્કેટીંગ યાર્ડે બનાવવાળી જગ્યાનું પંચ રોજકામ અને નકશો તૈયાર કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

૮.૮) ફરીયાદપક્ષ દ્વારા આંક–૫૦ થી સાહેદ અશ્વિનકુમાર હરીભાઈ ઈટાલીયાને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં તેઓ બનાવ સ્થળ મહુવા માર્કેટીંગ યાર્ડ ખાતે ગયેલ હોવાનું અને ત્યાં ભુખરા રંગના ધાબા હોવાનું તથા રૂધીર અંગેની કસોટી કરતા રૂધીરની હાજરી જણાય આવેલ હોવાનું તથા સ્થળેથી નમુનાઓ કબજે લેવા માટે તથા પરીક્ષણ અર્થે એફ.એસ.એલ.માં મોકલવા માટે ત.ક.અ.શ્રીને સુચન કરેલ હોવાનું જણાવેલ છે.

૮.૯) ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૩ થી પંચ સાહેદ શબ્બીરભાઈ સલીમભાઈ કુરેશી તથા આંક–૧૫ થી પંચ સાહેદ ફતેહખાન જમીતનખાન જલવાણીને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ બંને સાહેદો તેઓના પુરાવામાં આંક–૧૪ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી, વિ.એ.પી.પી.શ્રીને આ બંને સાહેદોને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા તેમા પણ આ બંને પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. પરંતુ સદર કામમાં ફરીયાદપક્ષ દ્વારા આંક–૬૭ થી સાહેદ મેહુલભાઈ વજીરભાઈ હરકણીયાને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં તેઓ મહુવા જનરલ હોસ્પિટલ ખાતે ગયેલ હોવાનું અને લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ હોવાનું તથા લાશ મરણજનારના

મામા રફીકભાઈ ઈસ્માઈલભાઈ સમાએ ઓળખી બતાવેલ હોવાની હકીકત જણાવેલ છે. જેથી, આ સાહેદની જુબાનીથી ફરીયાદ પક્ષ દ્વારા મરણજનારનુ લાશનુ પંચનામાની હકિકત પુરવાર કરેલ હોવાનુ ફલીત થાય છે.

૮.૧૦) ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૬ થી પંચ સાહેદ ઈબ્રાહીમભાઈ દીલાવરભાઈ કુરેશીને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં મહુવા પોલીસે તેઓને માર્કેટીંગ યાર્ડ પાસે બનાવવાળી જગ્યાનું પંચનામુ કરવા બોલાવેલ હોવાનું અને તેઓની હાજરીમાં આંક–૧૭ વાળુ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોવાની હકીકતને સમર્થન કરેલ છે. જ્યારે બચાચપક્ષ દ્વાર કરવામાં આવેલ ઉલટતપાસમાં પંચનામા વિશે તેઓને અંગત જ્ઞાન નહી હોવાનું કબુલ રાખે છે.

૮.૧૧) ફરીયાદપક્ષ દ્વારા આંક–૨૪ થી પંચ સાહેદ બાલકૃષ્ણ નાનુભાઈ દેવમુરારી તથા આંક–૩૦ થી પંચ સાહેદ આરીફભાઈ જમીયતખાન જલવાણીને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં મહુવા પો.સ્ટે. તેઓને બોલાવેલ હોવાનું તથા પોલીસે કપડા બતાવેલ હોવાનું અને તે કપડા પોલીસે કબજે લીધેલ હોવાનું અને પોલીસે તૈયાર કાગળમાં તેઓની સહી લીધેલ હોવાનું અને આંક–૨૫ વાળુ પંચનામુ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. જ્યારે બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પોલીસે કપડા ટેબલ પર પડેલા હતા તેનું પંચનામુ કરવાનું જણાવતા તેઓએ સહી કરેલી હોવાની હકીકત કબુલ રાખેલ છે.

૮.૧૨) ફરીયાદપક્ષ દ્વારા આંક–૩૧ થી પંચ સાહેદ ઈસુબભાઈ ઈબ્રાહીમભાઈ કાબરીયા તથા આંક–૩૭ થી પંચ સાહેદ જુબેરભાઈ હમદભાઈ ગનેજાને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ બંને સાહેદો તેઓના પુરાવામાં આંક–૩૨ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા

ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી, વિ.એ.પી.પી.શ્રીને આ બંને સાહેદોને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા તેમા પણ આ બંને પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

૮.૧૩) ફરીયાદપક્ષ દ્વારા આંક–૩૮ થી પંચ સાહેદ જાવીદભાઈ મહમદભાઈ સૈયદને સોગંધ ઉપર તપાસવમાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં પોલીસે તેઓને મરણજનારના કપડા બતાવેલ હોવાનું તથા મરણજનારના બ્લડ સેમ્પલ તેઓ રૂબરૂ કબજે કરેલ હોવાનું, તેવી જ રીતે આરોપીઓના બ્લડ સેમ્પલ તેઓ રૂબરૂ કબજે કરેલ હોવાનુ અને તે અંગેનું આંક–૩૯ વાળુ પંચનામું કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

૮.૧૪) ફરીયાદપક્ષ દ્વારા આંક–૬૯ થી ત.ક.અ. અરજણભાઈ ભીમાભાઈ ગોહીલને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં ફરીયાદીએ તેઓ રૂબરૂ ફરીયાદ જાહેર કરેલ હોવાની અને તેઓએ ગુન્હો દાખલ કરી અને તપાસ જાતે સંભાળેલ હોવાની તથા ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોવાની તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ હોવાની તથા આરોપીઓને અટક કરી અને કપડા તથા બ્લડ સેમ્પલ કબજે કરેલ હોવાની તથા મરણજનારના કપડા તથા બ્લડ સેમ્પલ કબજે કરેલ હોવાની તથા સાહેદ રફીકભાઈનું ૧૬૪ નું નિવેદન લેવડાવેલ હોવાની તથા નકશો બનાવવા તાલુકા વિકાસ અધિકારીને યાદી કરેલ હોવાની તથા મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા રવાનગી તૈયાર કરેલ હોવાની અને ત્યારબાદ તેઓની બદલી ભરતનગર પો.સ્ટે. થતા તપાસ પો.ઈન્સ. એમ.એ.દેસાઈને સોંપેલ હોવાની હકીકત જણાવેલ છે.

૮.૧૫) ફરીયાદપક્ષ દ્વારા આંક–૮૫ થી ત.ક.અ. મુકેશકુમાર અમૃતભાઈ દેસાઈને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં તેઓએ ગુન્હાની તપાસ અગાઉના પોલીસ ઈન્સ.

શ્રી ગોહીલ પાસેથી સંભાળી લીધેલ હોવાનું તથા સાહેદોના નિવેદનો લીધેલા હોવાનું તથા આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

૯. આમ, ઉપરોક્ત તમામ પુરાવાનું મુલ્યાંકન કરતા સદર કામમાં આંક–૫૪ થી ફરીયાદી વારીસભાઈ યાસીનભાઈ તેમની જુબાનીમાં ફરીયાપક્ષને સંપુર્ણ સમર્થન કરે છે અને તેમની જુબાની નહી માનવાને કોઈ કારણ જણાય આવતુ નથી. બચાવપક્ષ દ્વારા તેમની દલીલોમાં આ સાહેદને કોઈ ઈજા થયેલ હોત તો તેની સારવાર લીધી હોત પણ ફરીયાદપક્ષ દ્વારા આવી કોઈ સારવાર અંગેનો પુરાવો રજુ કરેલ નહી હોવાની જે દલીલો કરેલ છે તે સંદર્ભે રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતા ફરીયાદીને બનાવમાં પગના ભાગે સામાન્ય ઈજા થયેલ હોવાનું ફલીત થાય છે, તેવા સંજોગોમાં ફરીયાદીએ સારવાર લીધેલ નહી હોવાથી તેમની જુબાની નહી માનવાને કોઈ કારણ જણાય આવતુ નથી. રેકર્ડ ઉપરની હકિકત ધ્યાને લેતાં બનાવ સમયે બનાવ સ્થળે ઘણા બધા મજુરો હાજર હોવાનુ ફલીત થાય છે. જ્યારે બચાવ પક્ષ દ્વારા દલીલો કરવામાં આવેલ છે કે ફરીયાદ પક્ષ દ્વારા આવા કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી. જેથી, ફરીયાદ પક્ષનો કેસ શંકાસ્પદ થઈ જાય છે. પરંતુ બચાવ પક્ષની આ દલીલો સાથે અત્રેની કોર્ટ સમંત થતી નથી. કારણે, કાયદાના પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો ધ્યાને લેતાં પુરાવાની ગુણવંતા મહત્વની હોય છે, નહી કે પુરાવાની સંખ્યા. જેથી, અગાઉ ચર્ચા કર્યા મુજબ ગુન્હાની ફરીયાદ આપનાર સાહેદની સોગંધ ઉપરની જુબાની સંપુર્ણ વિશ્વસનીય જણાય આવતી હોય, આ સિવાય ફરીયાદપક્ષે આંક–૬૨ થી સાહેદ રફીકભાઈ ઈસ્માઈલભાઈ સમા પણ તેમની સોગંધ ઉપરની જુબાનીમાં ફરીયાદપક્ષને સમર્થનકારક જુબાની આપે છે. તેવી જ રીતે આંક–૬૪ થી સાહેદ કીશનભાઈ મનીષભાઈ ગોહીલની સમગ્ર સોગંધ ઉપરની જુબાની ધ્યાને લેતા આ સાહેદ બનાવ સ્થળે પહોચ્યા ત્યારે ફરીયાદી

વારીસભાઈ અને સાહેદ રફીકભાઈ બનાવ સ્થળે હાજર હોવાનું શંકાથી પર સાબિત થાય છે. જ્યારે આ સાહેદે મરણજનારને તેમની મોટર સાયકલ ઉપર મહુવા સરકારી દવાખાને લઈ ગયેલ હોવાનું પણ શંકાથી પર સાબિત થાય છે.

૧૦. સદર કામમાં રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતા પોલીસને બનાવની જાણ થયા બાદ પણ ગુનો નોંધવામાં પોલીસ તરફથી મોડુ કરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ પોલીસના નિષ્કાળજીના કારણે ફરીયાદપક્ષના કેસ ઉપર શંકા કરવાને કોઈ સ્થાન નથી. પોલીસની નિષ્કાળજીના કારણે ફરીયાદપક્ષનો કેસ ફેટલ થઈ જતો નથી. રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતા પોલીસ ગુન્હો નોંધવા માટે ત્વરીતતા દાખવી શકી હોત, પરંતુ પોલીસની નિષ્કાળજીના કારણે ગુન્હો દાખલ કરવામાં મોડુ થયેલ છે. તેના કારણે ફરીયાદપક્ષના કેસ ઉપર શંકા કરવી ન્યાયોચીત નથી.

૧૧. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા આ કામના આરોપીઓએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા મરણ જનાર સાથે વાહન પાર્ક કરવા ઝઘડો કરી, મરણજનારને ભુંડી ગાળો બોલી, તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી, તેમજ મારક હથીયાર ધારણ કરી, મરણજનારનું છરીથી મૃત્યુ નિપજાવી, તેમજ ફરીયાદીને સ્વૈચ્છાએ વ્યથા પહોંચાડી ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૩૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોવાનું શંકાથી પર સાબિત કરવામાં સફળ ગયેલ હોવાનું અત્રેની અદાલતનું માનવુ હોય, **મુદ્દા નં.–૨ નો જવાબ હકારમાં** આપી, મુદ્દા નં.–૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

૧. ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૨) ની જોગવાઈ મુજબ હાલના કામેના આરોપી નં.– (૧) અફજલભાઈ મુસાભાઈ પઠાણ તથા (૨)

નવાજભાઈ ઉર્ફે ગટી મુસાભાઈ પઠાણનાઓને તેમની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) સાથે વંચાણે લેતા કલમ – ૩૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૨. વધુમાં ઉપરોકત ગુન્હા સબબ આરોપીઓને સજા અંગેનો નિર્ણય કરતા પહેલા સજા અંગે સાંભળવા કાયદા મુજબ આવશ્યક હોય, જેથી સજા અંગે સાંભળવા મુલત્વી રાખવામાં આવે છે.

આજરોજ તા : ૧૩'મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

મહુવા
તા.૧૩/૦૩/૨૦૨૬

**(અતુલકુમાર એસ. પાટીલ)**
**બીજા એડીશ્નલ સેશન્સ જજ,**
**ભાવનગર એટ મહુવા.**
**જીજે ૦૦૮૩૬**

**-: સજા અંગે સાંભળ્યા :-**

૧. આ કામે આરોપીઓને ઉપર મુજબ તકસીરવાન ઠરાવેલ હોઈ સજાના મુદ્દે આરોપીઓના વિ.વ.શ્રી જે.ડી.ગોંડલીયાનાઓએ દલીલ કરેલ છે કે, આરોપી નં.-૧ ના લગ્ન થઈ ગયેલ છે અને બાળકો છે. બંન્ને આરોપીઓ સગા ભાઈઓ છે. આરોપીઓ નાની ઉંમરના છે અને ઘરમાં વૃધ્ધ માતા-પિતા છે અને આરોપીઓ ઉપર તેઓના પરીવારના ભરણ પોષણની જવાબદારી છે. તેમજ આરોપીઓને અન્ય કોઈ ભાઈ નથી. જો આરોપીઓને વધુ સજા કરવામાં આવે તો તેના કુટુંબના માણસોના ભરણ પોષણનો પ્રશ્ન ઉભો થાય તેમ છે અને તે સંજોગોમાં આરોપીઓને ફરમાવેલી સજા તેના કુટુંબના માણસોને થાય તેવી સ્થિતિ ઉભી થાય તેમ છે. જેથી આરોપીઓને ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

૨. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એચ.કેસરીએ ભારપુર્વક દલીલ કરેલ છે કે, કેસની હકીકત, સંજોગો અને રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદપક્ષ દ્વારા આરોપીઓ સામેનો ગુન્હો સ્પષ્ટપણે પુરવાર કરેલ છે અને આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરેલ હોય અને જે રીતે ગુનો બન્યો છે અને આરોપીઓ દ્વારા મરણજનારને ગંભીર ઈજાઓ પહોચાડી ખુન કરી ગંભીર ગુનો કરેલ છે તેવા સંજોગોમાં આરોપીઓને મહતમ સજા કરવી જોઈએ. તેમજ મરણજનાર ૩૦ વર્ષની ઉંમરના હતા અને પરણીત હતા અને તેઓને એક ૭ વર્ષની પુત્રી છે અને મરણજનાર ઉપર પરીવારના ભરણપોષણની જવાબદારી હતી. આ તમામ હકીકત ધ્યાને લઈ મરણજનારના વારસોને યોગ્ય વળતર અપાવવા અરજ કરેલ છે. તેમજ સમાજમાં દાખલો બેસાડવા માટે આરોપીઓને મહતમમાં મહતમ સજા કરવા અરજ કરેલ છે અને આરોપીઓની સજા બાબતે ઉદાર વલણ દાખવવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર ઉભી થશે અને ગુનેગારોને કાયદાનો કોઈ ડર રહેશે નહી અને તેથી ભવિષ્યમાં આવા

ગંભીર પ્રકારના ગુના આચરતા અટકાવવા માટે આરોપીઓને મહતમ સજા ફરમાવવી જોઈએ તેવી રજુઆત કરેલ છે.

૩. આમ, બંને પક્ષોની દલીલો, કેસની હકીકત અને કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા કોઈપણ આરોપીઓને કોર્ટે સજા કરવા માટે આરોપીઓની ઉંમર, આર્થિક પરિસ્થિતી, તેનુ ચારીત્ર, તેના વિરૂધ્ધના ગુનાની ગંભીરતા, તેમજ ગુનાની સમાજ ઉપર પડતી અસરને ધ્યાને લેવાનું હોય છે. જયારે હાલના કામમાં રેકર્ડ પરની હકીકત ધ્યાને લેવામાં આવે તો આવા ગંભીર પ્રકારના મર્ડરનો ગુનો આરોપીઓ દ્વારા આચરવામાં આવેલ હોય અને આવા ગંભીર પ્રકારના ગુન્હાનું પ્રમાણ જે રીતે સમાજમાં દિનપ્રતિદીન ઉતરોતર વધતુ જોવા મળે છે તે લક્ષમાં લેતા આવા કેસ સબબ સમાજમાં પણ આવા ગુન્હાહીત માનસીકતા ધરાવતા વ્યકિતઓ સુધી સંદેશો પહોચે તે લક્ષમાં રાખી તથા આરોપીઓના કૃત્ય સબબ તેને યોગ્ય શિક્ષા મળે તે ધ્યાનમાં રાખી હાલના આરોપીઓ વિરૂધ્ધનો ગુનો ફરીયાદપક્ષે પુરવાર કરેલ હોય, ત્યારે ખાસ કરીને ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૨ માં લઘુતમ સજા આજીવન કેદની છે તેથી તેમા કોઈ છુટછાટનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જયારે કલમ – ૩૦૨ માં મહતમ મૃત્યુ દંડની સજા દર્શાવવામાં આવેલ છે. પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ રેરેસ્ટ ઓફ રેર ગુનામાં જ મૃત્યુ દંડની સજા ફરમાવી શકાય છે. જયારે હાલના કેસની હકીકત ધ્યાને લેતા હાલનો કેસ રેરેસ્ટ ઓફ રેરની શ્રેણીમાં પડતો નથી. જેથી હાલના કામે આરોપીઓને મૃત્યુ દંડની સજા ફરમાવી શકાય તેમ નથી. પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ કલમ – ૩૦૨ માં લઘુતમ સજા આજીવન કેદની દર્શાવવામાં આવેલ છે તેથી કોર્ટ કલમ – ૩૦૨ ના કામે આજીવન કેદથી ઓછી સજા કરી શકે નહી અને કોર્ટ પાસે આવી કોઈ સતા પણ નથી. આમ, આ કામે ઉપર આપેલ કારણો અન્વયે

ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનું તહોમત નિ:શંક પણે પુરવાર કરેલ હોવાનું આ અદાલતે માનેલ છે, ત્યારે આ કામના આરોપીઓએ જે શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે તે સબબ તકસીરવાર ઠરાવેલ છે તે સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આખરી હુકમ :-**

આ કામે આરોપી નં.- (૧) અફજલભાઈ મુસાભાઈ પઠાણ તથા (ર) નવાજભાઈ ઉર્ફે ગટી મુસાભાઈ પઠાણનાઓને સી.આર.પી.સી.ની કલમ - ર૩પ(ર) અન્વયે નીચે મુજબની શિક્ષા કરવામાં આવે છે.

(૧) આ કામના આરોપી નં.- (૧) અફજલભાઈ મુસાભાઈ પઠાણ તથા (ર) નવાજભાઈ ઉર્ફે ગટી મુસાભાઈ પઠાણને ક્રિ.પ્રો. કોડની કલમ- ર૩પ(ર) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ - ૩૦ર ની સાથે વંચાણે લેતા કલમ-૩૪ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવી આજીવન કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તથા પ્રત્યેક આરોપીને રૂા.પ૦,૦૦૦/- (અંકે રૂપીયા પચાસ હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ભરવામાં કસૂર કરે તો વધુ ૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આ કામના આરોપી નં.- (૧) અફજલભાઈ મુસાભાઈ પઠાણ તથા (ર) નવાજભાઈ ઉર્ફે ગટી મુસાભાઈ પઠાણને ક્રિ.પ્રો. કોડની કલમ- ર૩પ(ર) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ - ૩ર૩ ની સાથે વંચાણે લેતા કલમ-૩૪ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તથા પ્રત્યેક આરોપીને રૂા.૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ભરવામાં કસૂર કરે તો વધુ ૧૦(દસ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી નં.– (૧) અફજલભાઈ મુસાભાઈ પઠાણ તથા (૨) નવાજભાઈ ઉર્ફે ગટી મુસાભાઈ પઠાણને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૫૦૪ ની સાથે વંચાણે લેતા કલમ–૩૪ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવી ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તથા પ્રત્યેક આરોપીને રૂા.૧,૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ભરવામાં કસૂર કરે તો વધુ ૧૦(દસ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપી નં.– (૧) અફજલભાઈ મુસાભાઈ પઠાણ તથા (૨) નવાજભાઈ ઉર્ફે ગટી મુસાભાઈ પઠાણને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૫૦૬(૨) ની સાથે વંચાણે લેતા કલમ–૩૪ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવી ૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તથા પ્રત્યેક આરોપીને રૂા.૧,૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ભરવામાં કસૂર કરે તો વધુ ૧૦(દસ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપી નં.– (૧) અફજલભાઈ મુસાભાઈ પઠાણ તથા (૨) નવાજભાઈ ઉર્ફે ગટી મુસાભાઈ પઠાણને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૨) અન્વયે જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવી ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તથા પ્રત્યેક આરોપીને રૂા.૧,૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ભરવામાં કસૂર કરે તો વધુ ૧૦(દસ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) સી.આર.પી.સી.ની કલમ–૩૫૭(૧) અન્વયે આરોપીઓએ ભરેલ દંડની રકમ વળતર પેટે મરણજનારના વારસોને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) સી.આર.પી.સી.ની કલમ – ૪૨૭ અન્વયે આરોપીઓએ ઉપરોકત તમામ સજા એકી સાથે ભોગવવાની રહેશે.

(૮) સી.આર.પી.સી.ની કલમ – ૪૨૮ મુજબ આરોપીઓએ કાચા કામના કેદી તરીકે જેટલો સમય જેલમાં રહયા છે તેટલો સમય મજરે આપવાનો રહેશે.

(૯) સી.આર.પી.સી. ની કલમ – ૩૬૩(૧) અન્વયે હાલના કેસના ચુકાદાની એક નકલ વિના વિલંબે અને વિના મુલ્યે આરોપીઓને આપવી.

(૧૦) આ હુકમના અમલ સારુ સજા વોરંટ ભરવુ અને આ હુકમની એક નકલ સાથે મોકલવી.

(૧૧) આ કામે કબજે કરેલ બીનકીંમતી મુદ્ધામાલ તથા હથીયારનો અપીલ પીરીયડ બાદ કાયદાનુસાર નાશ કરવો.

(૧૨) આ હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભાવનગરનાઓને મોકલી આપવી.

– હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

આજરોજ તા : ૧૩'મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

મહુવા
તા.૧૩/૦૩/૨૦૨૬

**(અતુલકુમાર એસ. પાટીલ)**
**બીજા એડીશ્નલ સેશન્સ જજ,**
**ભાવનગર એટ મહુવા.**
**જીજે ૦૦૮૩૬**

HRC